

# ગુજરાતી

## ધોરણ-3

द्वितीय सत्र

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

SHIKSHAN SAGAR APPLICATION 2024-25

**નવેમ્બર માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ:** ૬. બતક અને અથવા ૫ણ હંસ

**અધ્યયન નિષ્પતિ :**

G305 વર્ણનાત્મક લખાણમાંથી વાંચન-અર્થગ્રહણ કરે છે.

G310 લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G312 ભાષા સજ્જતા યાને વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખતો સમજતો થાય છે તથા એનો વ્યવહારું ઉપયોજન કરી શકે છે.

G313 પરિચિત શબ્દ અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગીતનું ગાન
- વાર્તાનું કથન
- કદરૂપુ બતકડુ
- વાર્તાને આધારે પ્રશ્નોત્તરી
- ચિત્ર દોરવાની પ્રવૃત્તિ
- જુઓ વાંચો અને લખો
- વાકય રચનાની સમજ
- ફકરાનો ઉપયોગ કરી નવા શબ્દો બનાવવા
- ગીતનું ગાન
- વિકલ્પ પસંદ કરીને જવાબ લખે છે.

**શૈક્ષણિક સાધન :**

- મોબાઇલ
- બતકનું ચિત્ર
- વાર્તાચિત્ર
- પક્ષીચાર્ટ
- શબ્દ ચાર્ટ
- કાગળ, સ્કેચ પેન
- મૂર્ત વસ્તુઓ
- ઢોલક, મંજીરા

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક બાળકોને વર્ગમાં હળવી કવાયત કરાવી અને યોગ્ય રાગ – ઢાળ સાથે ગીતનું ગાન કરશે. બાળકો પણ ગીત ગાશે અને આનંદ માણશે.

શિક્ષક બાળકોને સમૂહમાં એકલા ગીત ગાવાનું કહેશે બાળકો ગીત ગાશે. શિક્ષક બાળકો સમક્ષ 'કદરૂપુ બતકડું' વાર્તાનું યોગ્ય આરોહ – અવરોહ સાથે કથન કરશે. બાળકો વાર્તા ધ્યાનથી સાંભળશે. શિક્ષક વાર્તાને આધારે બાળકોને પ્રશ્નો પૂછશે. બાળકો વિચારીને જવાબો આપશે. શિક્ષક બાળકોને વાર્તા વાંચવા અને લખવા માટે પણ જણાવશે. શિક્ષક બાળકોને જુદા – જુદા પક્ષીઓ પોતાના બચ્ચા ને કેવી રીતે સાચવે છે તેની સમજ

આપશે. બાળકોની વાર્તા ને આધારે વાર્તા માં શું ગમ્યું અને શું ના ગમ્યું વગેરે અનેક પ્રશ્નોના જવાબો પૂછશે. ના આવડતા જવાબો શિક્ષક જણાવશે. વાર્તામાં વાકયો કોણ બોલે છે અને કોને કહે છે તે વિશે ચર્ચા કરશે. સ્વાધ્યાયમાં આવતા ખરા – ખોટા વાકયોની શિક્ષક સમજ આપશે. બાળકો જવાબો આપશે. અને પોતાના પાઠય પુસ્તકમાં નોંધ કરશે. શિક્ષક એક – બે વાકયોમાં જવાબોની સમજ આપશે. બાળકોને પાઠયપુસ્તકમાં આપેલ બતકનું અધુરૂં ચિત્ર દોરશે. અને બાળકોને દોરવા માટે જણાવશે. બાળકો ચિત્ર દોરી તેમાં મનગમતા રંગ પુરશે. શિક્ષક બાળકોને ગીતનું ગાન કરાવશે. અને પાઠય પુસ્તકમાં આપેલ ચિત્રોના આધારે ચર્ચા કરી અને સમજ આપશે. બાળકો ધ્યાનથી સાંભળશે અને પોતાની જાતે ચિત્રનું અવલોકન કરીને ચિત્રોના આધારે જવાબો આપશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલ આડા અવળા વાકયોની સમજ આપશે અને ચર્ચા કરશે. વાકયોમાં પ્રશ્નચિન્હ, વિરામચિન્હ વગેરેની સમજ આપી વાકય રચનાની સમજ આપશે બાળકો સ્વપ્રયત્નેતે લખશે. શિક્ષક બાળકોને વાકયોમાં સાચા અને ખોટા શબ્દોની સમજ આપશે. અને એક ફકરાના આધારે પ્રાણી કે પક્ષી કહે તેની સામે તેનો અવાજ કરવાનું કહેશે. બાળકો તે પ્રમાણે કરશે.

- શિક્ષક બાળકોને સપનામાં આવતા વિચારોનું ગીત રાગ – ઢાળ સાથે ગવડાવશે શિક્ષક વિધાર્થીને કવિતાના આધારે વાકયો લખાવશે અને યોગ્ય વિકલ્પ પસંદ કરી પૂર્ણ કરવા માટે સમજાવશે. શિક્ષક વિધાર્થીઓને પાઠના અંતે સ્વાધ્યાય કાર્ય કરી પુનરાવર્તન કરાવશે. અને બાળકોને પ્રશ્નોના જવાબ લખવા અને તૈયાર કરવા આપશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- જુદી જુદી વનસ્પતિની ઓળખ કરવી
- ડુંગરની ઓળખ કરવી
- જુદા જુદા પક્ષીઓના અવાજો, ખોરા, ચાલ, કદ
- પ્રશ્નોના જવાબો
- સાચા ખોટા વાકયોના ઉદાહરણ
- બતકનું ચિત્ર દોરવું
- વાકય રચના

- જુદા જુદા ચિન્હોની સમજ
- ચકલી કહે ચી....ચી..... કાગડો કહે કા.....કા....
- ગીતમાં આવતા પ્રાણીઓ પક્ષીઓની ઓળખ
- વિકલ્પો પસંદ કરી લખવા
- પુનરાવર્તન

**મૂલ્યાંકન**

- પંખીના નામ લખવા
- જોયેલા પક્ષી વિશે પાંચ વાક્યો લખવા
- પૂછાયેલા પ્રશ્નોના જવાબ લખવા તથા તૈયાર કરવા
- બતકનું ચિત્ર દોરવું
- વાક્યોનું લેખન કરવું
- સાચા શબ્દો લખી વાક્યો ફરીથી લખવા
- વિવિધ પક્ષીઓના નામ લખવા
- બાકી વિકલ્પો ઘરેથી લખવા

**ડિસેમ્બર માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ:** ૭. એક છલાંગે દરિયો કુદો

**અધ્યયન નિષ્પતિ :**

G304 કાવ્યાત્મક લખાણમાંથી શ્રવણ-અર્થગ્રહણ કરે છે. સાહિત્યિક લખાણ સાંભળીને સમજી શકે છે.

G305 વર્ણનાત્મક લખાણમાંથી વાંચન અર્થગ્રહણ કરી શકે છે.

G308 પ્રકીર્ણ, છૂટાછવાયા લખાણમાંથી વાંચન અર્થગ્રહણ કરે છે.

G310 લેખનની જુદી જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G312 ભાષા સજ્જતા યાને વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખતો સમજતો થાય છે તથા એનો વ્યવહારું ઉપયોજન કરી શકે છે.

G313 પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ગીતનું ગાન
- વાર્તા કથન
- માતા પુત્રના સંવાદ દ્વારા તેમના બાળકોને ઘરમાં થતી માતા સાથે વાતચીત અને પ્રશ્નોત્તરી
- વાર્તાના આધારે સરખામણી વાતચીત પ્રશ્નોત્તરી
- વાર્તાના આધારે શબ્દોની ગોઠવણી
- લંકા તારી સમૂહમાં ગીતનું ગાન
- જુદા જુદા પાત્રોનો પરિચય અને લંકા વિશે બાળકોની ગાન

- બે અક્ષરમાંથી એક શબ્દ અને બે શબ્દોમાંથી એક વાકય શીખવવા
'હનુમાનજી દેજો સંદેશો' ગીતનું ગાન
- છોટા હનુમાનની રમત હનુમાન કુદકો
- કૌંસમાં યોગ્ય શબ્દ ઉમેરી વાક્યો ફરીથી લખો.
- પાઠના સંવાદોનું વાંચન, વેશભૂષા અને નાટક
- જોડકણાં અને ટુચકા પાઠના સંદર્ભે કરવા
- પાઠમાં આવતી રમત રમવી

**શૈક્ષણિક સાધન :**

- મોબાઈલ
- વાર્તાચિત્ર
- વિડીયો નિદર્શન
- શબ્દ વાકય ચાર્ટ
- જોડકણા ચાર્ટ
- ઢોલક, મંજીરા

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક વર્ગમાં હળવી કવાયત કરી વર્ગ વ્યવસ્થા કરી ગીતનું રાગ – ઢાળ સાથે ગાન કરશે. બાળકોને ગીતનું સમૂહમાં ગાન કરાવશે. શિક્ષક સોનાની લંકાની સમજ આપશે. બાળકો સમજશે. શિક્ષક બાળકોને હનુમાનજીની વાર્તા કહેશે. બાળકો વાર્તાનું ધ્યાનથી શ્રવણ કરશે અને સમજશે. શિક્ષક બાળકોને વાર્તાના આધારે તેમાં શું ગમ્યું અને શું ના ગમ્યું તેની વાતચીત દ્વારા ચર્ચા કરશે. શિક્ષક બાળકોને વાર્તાના એક બે વાકયો ના જવાબોના પ્રશ્નો પૂછશે. બાળકો જવાબો આપશે. શિક્ષક બાળકોને ઘરમાં થયેલી માતા – પિતા સાથેની વાર્તાની ચર્ચા કરશે અને પ્રશ્નોના જવાબો પૂછશે. શિક્ષક બાળકોને વાર્તાની સરખામણી કરી બાળકોને જુદા – જુદા પ્રશ્નો પૂછશે અને વાર્તાના આધારે જુદા – જુદા શબ્દોની ગોઠવણી કરવા માટે સમજાવશે. બાળકો તે પ્રમાણે ગોઠવશે અને વાકયો લખશે. શિક્ષક બાળકોને અનુમાન કરવાનું કહેશે કે તમે નાના – મોટા થઇ શકો, પંખી બની ઉડી શકો તો શું કરશો. બાળકો જાતે અનુમાન કરી અને જુદા – જુદા જવાબો આપશે અને એક બીજાના જવાબો સાંભળી આનંદ માણશે. શિક્ષક બાળકોને સમૂહમાં 'લંકા તારી બળી ગઇ' ગીતનું સમૂહમાં ગાન કરાવશે. શિક્ષક બાળકોને ટી.વી.મા આવતા જુદા – જુદા પાત્રોનો પરિચય અને લંકામાં કોણ હતું શું થયું ત.ની ચર્ચા કરશે.

બાળકોને લંકાના રાજા રાવણને કોણે માર્યો જેવા પ્રશ્નોની સમજ વાર્તા દ્વારા આપશે. શિક્ષક બાળકોને બે અક્ષર પરથી શબ્દ અને બે શબ્દોથી બનતા વાકયો શીખવશે. બાળકો સ્વપ્રયત્ને બનાવશે. શિક્ષક બાળકોને 'હનુમાનજી દેજો સંદેશો' ગીતનું ગાન સમૂહમાં કરાવશે. બાળકો કાવ્યનો ભાવાર્થ સમજી કોષ્ટકના પ્રશ્નોના જવાબ આપશે. શિક્ષક બાળકોને 'હનુમાનજીનો કુદકો' બાળકોના જૂથ બનાવી રમાડશે. બાળકો રમત રમશે અને આનંદ માણશે. શિક્ષક બાળકોન વાર્તા નાટયરૂપે વાંચન કરી અને નાટક ભજવવા માટે જણાવશે. બાળકોને પાઠને અનુરૂપ જુદા – જુદા ઉખાણા લખાવવા અને તેમને આવડતા ઉખાણા બોલવાવવા અને લખવા જણાવશે. બાળકોને વ્યક્તિગત પાઠનું વાંચન કરાવી અને રમત રમાડશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- કવિતામાં આવતા અઘરા શબ્દો જોડિયા શબ્દોનું લેખન
- વાર્તામાં આવતા અઘરા શબ્દોની નોંધ
- જુદા – જુદા પ્રશ્નો લખાવવા
- સરખામણી
- વાર્તાના આધારે શબ્દની ગોઠવણ
- અનુમાન કરવું
- લંકા ગીતનું ગાન
- રામાયણમાં આવતા પાત્રોની યાદી
- શબ્દો પરથી વાકય
- હનુમાનજીની રમત
- ઉખાણા
- વાંચન, રમત

**મૂલ્યાંકન**

- શબ્દોનું લેખન કરવું
- પ્રશ્નોના જવાબો લખવા
- ઘરમાં થયેલી વાતની ચર્ચા કરવી.
- વારકયોનું અનુલેખન
- શબ્દ લેખન કરવા જણાવું પંખી બનો તો શું કરો ? ગીતનું લેખન કરવું
- લંકાદહન વાર્તા લખવી અને વાંચવી
- શબ્દોનું લેખન કરવું
- વાર્તામાં આવતા પાત્રોના નામ લખવા
- ગમતા બે ઉખાણા પાકા કરવા
- દરિયા વિશે પાંચ વાકયો લખો.

**જાન્યુઆરી માસનું પાઠ આયોજન**
**પાઠનું નામ: ૮. કીડી હતી કે હાથી હશે ?**

**અધ્યયન નિષ્પતિ :**

G301 શબ્દો અને વાક્યોમાં જરૂરી સંકેતોનો ઉપયોગ યોગ્ય રીતે કરે છે.

G303 કથન/વર્ણનાત્મક લખાણમાંથી અર્થ તારવી શકે છે.

G312 ભાષા સજ્જતા યાને વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખતો-સમજતો થાય છે તથા એનો વ્યવહારું ઉપયોજન કરી શકે છે.

G313 પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- દોસ્તીનું ગાયન
- ચિત્ર પરથી સંતાયેલા પ્રાણીઓના નામ શોધવા
- હાથીનું ચિત્ર પૂર્ણ કરી રંગપૂરણી
- એન, ઘેન, દીવા, ઘેન વાર્તાનું વાંચન
- વાર્તા પરથી પ્રશ્નોત્તરી
- સાચા ખોટા વાકય ઉપરથી કાન, નાક પકડવાની રમત
- ઝાડ સાથે દોસ્તીનું ગાયન
- વાકયોનું વાંચન અને અનુલેખન
- જોડાક્ષરો વાળા શબ્દોનું લેખન
- ચિત્ર ગયું બદલાઇ ગીતનું ગાન
- કોણ શું કરે ની રમત
- ગઇ કાલ, આજ અને આવતીકાલ દ્વારા વાકયોની સમજ
- ક્રિયાનો ઉપયોગ દ્વારા વાકય વાંચન
- ચિત્ર પરથી શબ્દ અને વાકયોનું લેખન
- ઉંદર મામાનું જોડકાનું તેમજ ટૂચકા

**શૈક્ષણિક સાધન :**

- મોબાઇલ
- પ્રાણી ચાર્ટ
- પાઠય પુસ્તક
- વિડીયો
- લખેલી ચિઠ્ઠી

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

- શિક્ષક બાળકોને યોગ્ય રાગ – ઢાળ સાથે દોસ્તીનું ગીત ગડવાડવતા બાળકો તેનું ઝીલગાન કરશે. અને કાવ્યનું વાંચન કરશે. બાળકોને પાઠય પુસ્તકમાં આપેલા ચિત્રમાંથી સંતાયેલા પ્રાણીઓને શોધીને તેમના નામ બોલવા જણાવીશ. વિદ્યાર્થીઓના નામ બોલશે . શિક્ષક બાળકોને પાઠય

પુસ્તકમાં આપેલું અઘરું હાથીનું ચિતર પુરું દોરી અને તેમાં રંગ પુરવા જણાવશે. બાળકો રંગ પુરશે. શિક્ષક વર્ગમાં બાળકો સમક્ષ આરોહ – અવરોહ સાથે એન, ઘેન, દીવા, ઘેન વાર્તાનું વાંચન કરશે. બાળકો ધ્યાનથી સાંભળશે અને પછી બાળકોને વાંચવા જણાવશે. શિક્ષક બાળકોને વાતચીતના પ્રશ્નોની ચર્ચા વાર્તાના આધારે કરશે. બાળકો પોતાની નોટબુકમાં પ્રશ્નોના જવાબો લખશે. શિક્ષક વર્ગમાં વિદ્યાર્થીઓને આંખો બંધ કરાવી વાકયો બોલશે અને સાચું હોય તો કાન પકડવા અને ખોટું હોય તો નાક પકડવાનું કહેશે. બાળકો તે પ્રમાણે રમત રમશે અને જવાબો આપશે. શિક્ષક બાળકોની વાર્તાના આધારે પ્રશ્નોના જવાબો પૂછશે. બાળકો તેના જવાબો આપશે. શિક્ષક બાળકોને વર્ગમાં રાગ – ઢાળ સાથે ઝાડનીક સાથે દોસ્તીનું ગાન ગવડાવશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલા વાકયનું વ્યક્તિગત વાંચન કરાવશે અને લખાવશે. બાળકો વાકયોનું વાંચન અને લેખન કરશે. શિક્ષક બાળકોને જોડાક્ષરવાળા શબ્દો અને અક્ષરોનું વાંચન વ્યક્તિગત કરાવશે. શિક્ષક બાળકોને સમૂહમાં ‘ચિત્ર ગયું બદલાઈ’ ગીતનું ગાન કરાવશે. શિક્ષક બાળકોનેક પાઠય પુસ્તકમાં આપેલ વાકયો પરથી કાવ્ય પંક્તિની સમજ આપશે. અને તે લખવા કહેશે. બાળકો લખશે શિક્ષક વર્ગમાં બાળકોને પાઠય પુસ્તકમાં આપેલા વાકયોમાં પહેલાં શું કર્યું અને પછી શું કર્યું તેની ક્રમમાં ગોઠવણી શીખવશે. બાળકો તે પ્રમાણે લેખન કરશે. શિક્ષક બાળકોને આજ એટલે વર્તમાન ગઇકાલ ભૂતકાળ અને આવતીકાલ ભવિષ્યકાળની સમજ આપશે. બાળકો જાણશે અને સમજશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલ વાકયોમાં કૌંસનો ઉપયોગ કરી વાંચવાની સમજ આપશે. બાળકો સમજશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલા ચિત્રો પરથી શબ્દો અને વાકયોનું વાંચન કરાવશે. બાળકો શબ્દો અને વાકયોનું વાંચન અને લેખન કરશે. શિક્ષક બાળકોને વર્ગમાં ઉંદરમામાનું ઉખાણું કહેશે અને બીજા ટુચકા કહેશે. બાળકો સાંભળશે અને મજા માણશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- કાવ્યમાં આવતા નવા શબ્દોની નોંધ
- સંતાયેલા પ્રાણીઓમાં શોધેલાના નામ
- હાથીનું ચિત્ર
- વાર્તાનું વાંચન
- શબ્દોના અર્થ
- પ્રશ્નોના જવાબો
- સાચા ખોટાની રમત
- વાર્તામાં આવતા અઘરા શબ્દો
- કાવ્યમાં આવતા અઘરા શબ્દોનું વાંચન
- પંક્તિના અઘરા વાકયો લખો વાકયોની ક્રમમાં ગોઠવણી
- હસવું, રડવું, મારવું, દોડવું, કુદવું
- વર્તમાનકાળ, ભુતકાળ, ભવિષ્યકાળ
- વાકયનું લેખન

- ચિત્ર પરથી શબ્દો અને વાકયો
- જુદા જુદા ઉખાણા

**મૂલ્યાંકન**

- તમારા મિત્રોના નામ લખવા
- સંતાયેલા પ્રાણીઓના નામ લખવા
- ચિત્ર દોરી રંગ પૂરો
- વાર્તામાં આવતા અઘરા શબ્દો લખવા
- પ્રશ્નોના જવાબો લખવા
- ઘેર આવી રમત રમવા કહેવું
- પ્રશ્નોના જવાબ લખો.
- કાવ્યનું લેખન કરવું
- જોડાક્ષરનું લેખન કરવા કહેવું
- વાકયો ક્રમમાં ગોઠવવા
- વાકય પરથી પંક્તિ લખવી
- વાકયો લખવા કહેવું
- ઉખાણા લખવા

**ફેબ્રુઆરી માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ : ૯. રંગ – બેરંગી મસાલિયું**

**અધ્યયન નિષ્પતિ :**

G302 વિવિધ સંકેતોને શબ્દો/વાક્યોમાં રૂપાંતર યોગ્ય રીતે કરે છે.

G305 વર્ણનાત્મક લખાણમાંથી વાંચન અર્થગ્રહણ કરી શકે છે.

G306 માહિતીલક્ષી લખાણમાંથી વાંચન-અર્થગ્રહણ કરે છે.

G312 ભાષા સજ્તા યાને વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખતો-સમજતો થાય છે તથા એનો વ્યવહારું ઉપયોજન કરી શકે છે.

G313 પરિચિત શબ્દો અને એના સમાનાર્થી અને વિરુદ્ધાર્થી શબ્દો

શોધી તેમનો વાક્યમાં ઉપયોગ કરી શકે છે.

G314 શબ્દોનું રૂપાંતર કરી નવા શબ્દો બનાવી તેના અર્થ સમજી શકે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- શાક બનાવાવ વિશેનું ગાન સમૂહમાં
- શાકભાજી બનાવવાની રીત વિશે ચર્ચા
- અલગ અલગ ક્રિયા ફોટા સાથે
- 'ફોટો પાડું' કાવ્યનું સમૂહગાન
- ફોટોગ્રાફર અને મોડેલનું અભિનય
- ગીત પ્રમાણે સાચું વાકય જોડકા
- ગધ કથન પરથી કાવ્ય પંક્તિ શોધે છે.
- બધા સ્વાદનું વ્રત વાર્તાનું વાંચન
- બધા પ્રકારના ખોરાક ખાવા વિશે સમજ
- વાર્તા પરથી પ્રશ્નોત્તરી
- જુદા જુદા સ્વાદ પરથી વસ્તુઓ અલગ પાડવી વાનગીઓનો સ્વાદ
- જુદા જુદા પ્રકારના શરબત
- રસોડાના કામ વિશે ચર્ચા
- ફકરા પરથી સુટેવની સમજ
- કોષ્ટક પરથી ક્રિયાઓ અને રમતો
- ફકરામાં વધારાની વિગત અને નવી માહિતી
- સ્વીટુની વાર્તાનું વાંચન અને સમજ
- પ્રસંગના વાંચન અને વર્ગમાં અભિનય નાટચીકરણ
- પ્રાણીઓના નામ કોષ્ટકમાંથી શોધવા ફકરાનું શ્રુતલેખન

**શૈક્ષણિક સાધન :**

- વિડીયો
- મધ્યાહ્નન ભોજનની મુલાકાત
- સ્વાદ
- વિડીયો જુદી જુદી વસ્તુ વાનગી
- શરબત
- ત્રણ કાર્ડનો ચાર્ટ
- વિડીયો
- પ્રાણીઓનો ચાર્ટ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

બાળકોને હળવી કવાયત કરાવી સમૂહમાં 'શાક બનાવવા' નું ગીત રાગ સાથે ગવડાવીશ. બાળકો તે સમૂહમાં ગાશે સાથે શાકભાજીના નામ ઓળખી અને લખશે. વિદ્યાર્થીઓની સમૂહમાં જુદા જુદા શાકભાજીની ઓળખ આપી. આપણે તેને કેવી રીતે બનાવીએ છીએ. તેની સમજ આપીશ. બાળકોને ઘેર રસોઇ બનાવે તે અવલોકન કરવા જણાવીશ.

મધ્યાહન ભોજનની મુલાકાત કરી સમજ આપીશ. બાળકોને આપણે ફોટા પાડવા માટે અલગ અલગ ક્રિયાઓની સમજ આપીશ. બાળકો એ પ્રમાણે અભિનય કરી ફોટા પાડશે. વિદ્યાર્થીઓને વર્ગમાં "ફોટો પાડું" ગીતનું સમૂહમાં ગાન કરાવીશ. બાળકો સમૂહમાં ગાન કરી કાવ્યનું લેખન કરશે. બાળકોને મોબાઇલમાં ફોટો પાડે તે ફોટોગ્રાફર અને મોડેલની સમજ આપી ફોટો પાડવાનું સમજાવીશ. બાળકો જાતે ફોટા પાડશે આપેલ ગીત પ્રમાણે જોડકા અને સાચા વાક્યો લખવા માટેની સમજ આપીશ. શિક્ષક બાળકોને ગદ્ય કથન પરથી ૫દ્ય કથનના પંક્તિઓ બોલાવશે. બાળકો તે પ્રમાણે સમૂહમાં બોલશે. શિક્ષક બાળકોને 'બધા સ્વાદ નું વ્રત' વાર્તાનું વાંચન કરાવશે. બાળકો પાસે વ્યક્તિગત વાંચન કરાવશે અને લેખન કરાવશે. શિક્ષક બાળકોને આપણા શરીર માટે તમામ પ્રકારના વિટામીનની જરૂર હોય છે તેથી આપણી બધા જ પ્રકારના ખોરાક ખાવા જોઇએ તેની વિસ્તૃત ચર્ચા કરી સમજ આપશે. બાળકો જાણશે. શિક્ષક વાર્તા પરથી બાળકોને પ્રશ્નો પૂછશે. બાળકો તેના જવાબ આપશે. બાળકોને જુદી જુદી વસ્તુઓના સ્વાદ ચખાડી અને વાનગીના સ્વાદની સમજ આપીશ. તે પ્રમાણે બાળકો સમજીને વાનગીઓ અલગ પાડશે. અને સ્વાદ વિશે જાણશે. શિક્ષક બાળકોને જુદા જુદા પ્રકારના શરબતમાં જુદા જુદા સ્વાદની સમજ મેળવશે. અને સ્વાદના નામ લખશે. શિક્ષક બાળકોને રસોડામાં બનતી વસ્તુઓ અને વાનગીઓની બાળકોના જૂથ બનાવી સમજ આપશે. બાળકો તે જાણશે. અને સમજશે. શિક્ષક પાઠયપુસ્તકના પાના નંબર ૧૪૭ ના ફકરા ૫રથી સારી ટેવો ની સમજ આપશે. બાળકો તેના વિશે સમજશે. અને જાણશે. બાળકો વર્તમાનકાળ ભૂતકાળ અને ભવિષ્યકાળની સમજ મેળવશે. કોષ્ટક પ્રમાણે રમત રમશે. બાળકો જાણશે અને રમમત રમી નોંધ કરશે. શિક્ષક બાળકોને પાના નંબર ૧૪૭ ૫૨ આપેલા ફકરાની વધારાની માહિતી નોંધ કરી ફકરો લખવા માટેની સમજ આપશે. શિક્ષક બાળકોને 'સ્વીટુની વાર્તા' નું વાંચન કરાવશે. અને સમજ આપશે. બાળકો તે પ્રમાણે

ફકરાનું વાંચન કરશે. શિક્ષક તેમાંથી પ્રશ્નો પૂછશે અને બાળકો તેના જવાબો આપશે. શિક્ષક પાઠ્ય પુસ્તકમાંથી આપેલ પ્રસંગનું બાળકો પાસે નાટ્યકરણ રૂપે વાંચન કરાવશે. બાળકો તે પ્રમાણે વાંચન કરશે. નાટક ભજવશે શિક્ષક બાળકોને આપેલા ફકરાનું વ્યક્તિગત વાંચન કરાવશે અને શ્રુતલેખન કરાવશે. બાળકો તે પ્રમાણે શ્રુતલેખન કરશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- શાકભાજી અને મસાલાના નામ
- મ.ભો.ની મુલાકાત
- ફોટો પાડવાનો અભિનય
- કાવ્યગાન
- જોડાક્ષર વાળા શબ્દો
- જોડકા જોડવા
- કાવ્યનું ગાન
- જુદી જુદી વસ્તુના સ્વાદની નોંધ
- જુદા જુદા પ્રકારના વિટામિન પ્રમાણેના ખોરાક
- ગળ્યું , ખાટું, ખારું, તીખા, તુરું
- જૂથકાર્ય
- સુટેવોની નોંધ
- 3 કાર્ડની ચર્ચા
- ફકરામાં વધારાની માહિતી
- પ્રશ્નોના જવાબ
- વાર્તાનું નાટક
- પ્રાણીઓના નામ

**મૂલ્યાંકન**

- શાકભાજી અને મસાલાના નામ લખવા
- મોબાઇલમાં ઘરના સભ્યોના ફોટા પાડવા
- કાવ્યનું આલેખન કરવું
- જોડાક્ષર વાળા શબ્દો લખવા
- સાચા વાકયો લખો.
- જોડકા લેખન
- વાર્તાનું કરવું
- ખોરાકના નામ લખવા
- પ્રશ્નોના જવાબ લખવા
- વાનગીના નામ લખવા
- સ્વાદના નામ લખવા
- તમારા ઘરે બનતી વાનગીનું નામ લખો.
- ફકરાનું વાંચન કરી લેખન કરો.
- પ્રશ્નોના જવાબો લખવા
- પ્રાણીઓના નામ લખવા.

**માર્ચ માસનું પાઠ આયોજન**

**પાઠનું નામ: ૧૦. ચાલો સૌને રમત મુબારક**

**અધ્યયન નિષ્પતિ :**

G302 વિવિધ સંકેતોને શબ્દો / વાક્યોમાં રૂપાંતર યોગ્ય રીતે કરે છે.

G303 કથન/વર્ણનાત્મક લખાણમાંથી અર્થ તારવી શકે છે.

G305 વર્ણનાત્મક લખાણમાંથી વાંચન-અર્થગ્રહણ કરે છે.

G310 લેખનની જુદી-જુદી રૂઢિ પ્રમાણે લેખિત અભિવ્યક્તિ કરી શકે છે.

G311 દ્રશ્યાત્મક અભિવ્યક્તિ કુશળતાથી કરી શકે છે

G312 ભાષા સજ્જતા યાને વ્યાકરણના વિવિધ ઘટકોને નામ ઓળખાવ્યા વિના ઓળખતો સમજતો થાય છે તથા એનો વ્યવહારું ઉપયોજન કરી શકે છે.

G315 ભાવાત્મક સમાવેશન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- રમત વિશેનું કાવ્યગાન સમૂહમાં
- ચિત્ર પરથી પ્રશ્નોત્તરી
- આવરે છાબડીની રમત
- ગાગર ગરબો બોલતા પાંચીકાની રમત
- બિલે નામના તોફાની છોકરાની વાર્તા
- વિદ્યાર્થીઓ દ્વારા વાર્તા વાંચન
- વાર્તા દ્વારા પ્રશ્નોત્તરી અને જવાબો
- સાચા ખોટા વાક્યોની તાલી દ્વારા સમજ, ક્રમમાં ગોઠવણી
- રમસુ રમસુ ગીતનું ગાન
- નીડર નરેન્દ્રની વાત દ્વારા ફકરાનું લેખન
- ખોટો શબ્દ દૂર કરી વાક્ય લેખન
- કૌંસ પરથી ખાલી જગ્યા
- કેવી મજા ગીતનું ગાન
- કાવ્ય પરથી પ્રશ્નોના જવાબો
- વાક્ય પરથી રમતના નામ તથા જોડકાં
- જોડીની રમતો વિશે ચર્ચા
- જૂથ દ્વારા અધુરો ફકરો પૂરો કરો
- ઘરના સભ્યોને પૂછીને જુદી – જુદી રમત વિશેની ચર્ચા
- જોડકણાં માટેનું ગાન

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- વિડીયો
- ચિત્રચાર્ટ
- કચુકા, કાંકરા

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- બાળકોને વર્ગ વ્યવસ્થા કરી બાળકો સમક્ષ હાવ – ભાવ સાથે રમત રમીશું. ગીતનું ગાન કરીશ. બાળકો તેનું સમૂહમાં ગાન કરશે. તથા લખશે. બાળકોને ચિત્રનું અવલોકન કરવા માટે કહીશ. બાળકો ચિત્રનું અવલોકન કરશે. ચિત્ર પરથી બાળકોને પ્રશ્નોના જવાબ પૂછીશ. બાળકો તેના જવાબ આપશે. બાળકોને પાઠય પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે ત્રણ બાળકોની જોડી બનાવી અને કચુકાની રમત રમાડીશ. બાળકો રમત રમશે અને આનંદ માણશે. બાળકોને પાઠય પુસ્તકમાં બતાવ્યા પ્રમાણે રમત – ૨ અને રમત – ૩ રમાડીશ. બાળકો રમત રમશે અને નવી રમતો શોધશે. બાળકોને પાઠય પુસ્તકમાંથી બિલે નામના તોફાની છોકરાની વાર્તા કહીશ. બાળકો વાર્તાનું ધ્યાનથી શ્રવણ કરશે અને તેનું સાચું નામ નરેન્દ્ર હતુ તે જાણશે. બાળકોને વાર્તાનું વ્યક્તિત્વ વાંચન કરાવી બાળકો વાંચશે અને લખશે. શિક્ષક બાળકોને વાર્તાના આધારે પ્રશ્નોના જવાબો પૂછશે. બાળકો તેના જવાબો આપશે. ન આવડતા જવાબો શિક્ષક સમજાવશે. પછી બાળકો તેમની નોટબુકમાં લખશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલા સાચા – ખોટા વાકયોની સમજ તાલી પાડી આપશે અને તે વાકયોને યોગ્ય ક્રમમાં ગોઠવવા માટે જણાવશે. બાળકો ગોઠવશે શિક્ષક બાળકોને રમશું ગીતનું ગાન કરાવશે. બાળકો તે પ્રમાણે ગાન કરશે બાળકો સમક્ષ શિક્ષકની ‘નિડર નરેન્દ્ર’ ના ફકરાનું વાંચન વ્યક્તિગત કરાવશે. ફકરાનું લેખન કરવા બાળકોને જણાવશે. બાળકો ફકરાનું લેખન કરશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલ ખોટા અક્ષર છેકી કૌંસમાંથી સાચા શબ્દો લખવા સમજ આપશે. બાળકો ધ્યાનથી સાંભળશે અને ખાલી જગ્યામાં સ્વપ્રયત્ને પૂરશે. શિક્ષક બાળકોને સમૂહમાં ફેરફૂદરડી રમતા કેવી મજા કાવ્યનું સમૂહમાં ગાન કરાવશે. બાળકો સમૂહમાં ગાન કરશે. કાવ્યની તમામ રમતોનો અભિનય કરશે. શિક્ષક બાળકોને કાવ્યનું ગાન કરાવી ફેરફૂદરડી માંથી પ્રશ્નોના જવાબો પૂછશે. બાળકો તેના જવાબો આપશે અને લખશે. વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકમાં આપેલ વાકયો પરથી રમતોના નામની સમજ આપશે.

બાળકો ધ્યાનથી સાંભળશે. તથા રમતો સામે વાકયોના જોડકા જોડવા માટે જણાવશે. બાળકો જોડકા જોડશે. શિક્ષક બાળકોને જોડીમાં બોલાય તેવી રમતોની સમજ આપશે. બાળકો જુદી – જુદી રમતોના નામ વિચારશે અને આપશે. શિક્ષક બાળકોને જૂથ પાડી પાઠય પુસ્તકમાં આપેલા અધુરો ફકરો પૂર્ણ કરવા જણાવશે. બાળકો ફકરો પૂરો કરશે. શિક્ષક બાળકોને જણાવશે કે તમે તમારા ઘરે વડીલો નાના હતા ત્યારે કઇ કઇ રમતો રમતા તે જાણી અને નોંધ કરવા કહેશે. અને એવી રમતો રમવા માટે શાળામાં પ્રોત્સાહન આપશે. શિક્ષક બાળકોને પાઠય પુસ્તકમાં આપેલ જોડકણાંનું ગાન મોટેથી કરાવશે અને આવા બીજા નવીન જોડકણા ઘરેથી જાણી લાવવા જણાવશે.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ/ પ્રયોગ**

- કાવ્યનું ગાન
- કાવ્યમાં આવતી ઋતુઓ
- ચિત્રનું અવલોકન
- નવીનવી રમતો
- વાર્તામાં આવતા અઘરા શબ્દો
- વ્યક્તિગત વાંચન
- પ્રશ્નોના જવાબ
- સાચા – ખોટા વાકયો
- ગીતનું અભિનય સાથે ગાન
- ફકરાનું વાંચન
- કાવ્યમાં આવેલી રમતોનો અભિનય
- પ્રશ્નોના જવાબોની ચર્ચા
- વાકય પરથી રમતનું નામ
- આમલી પીપળી, ખોખો, ગિલ્લી – દંડા
- ફકરાનું લેખન
- ઘરના વડીલોની રમતોની યાદી
- જોડકણાંનું ગાન

**મૂલ્યાંકન**

- કાવ્યનું લેખન કરવું
- પ્રશ્નોના જવાબો લખવા
- રમતોની યાદી બનાવવી
- રમત રમતાં થતા અનુભવો બોલો
- શબ્દોનું લેખન કરવું
- વાર્તા લેખન કરવું
- પ્રશ્નોના જવાબ લખો
- ફકરાનું લેખન કરવું
- કાવ્યનું લેખન કરવું
- જોડકા જોડવા